## કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આ.કૃ.યુ., સણસોલી ખાતે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત કૃષિ સખી/ કમ્યુનિટી પર્સન માટેપાંચ દિવસીય તારીખ: ૨૬-૦૫-૨૦૨૫ થી ૩૦-૦૫-૨૦૨૫ પ્રાકૃતિક કૃષિ તાલીમનો આરંભ થયો

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી સણસોલી,તા.મહેમદાવાદ જી.ખેડા ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ કે. બી. કથીરીયાની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત કૃષિ સખી અને કોમ્યુનિટી રીસોર્સ પર્શન માટે પાંચ દિવસીય (તા.૨૬-૫-૨૫ થી તા.૩૦-૫-૨૫) પ્રાકૃતિક કૃષિ તાલીમનો આરંભ થયો. ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે કેંદ્ર સરકારે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ શરૂ કરેલ છે તેના ભાગ રુપે પ્રાકૃતિક કૃષિ તાલીમનો આરંભ કર્યો. આ પ્રસંગે ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને વડા, ડૉ. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ. ભરતભાઇ એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાત્રી , ડૉ. ટી. આર. પટેલ , રિસર્ચ એસોસિએટ તથા આત્મા ખેડાનો સ્ટાફ હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ મુજબ મહાનુંભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો.

ડૉ. ડી. બી. પ્રજાપતિએ નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ પર પ્રસ્તાવના તેમજ આણંદ કૃષિયુનિવર્સિટી દ્વારા બહાર પાડેલ જુદી જુદી જાતો તેમજ બિયારણ ઉપલબ્ધિ વિશે માહિતી આપેલ છે. ડૉ. એમ. બી. ઝાલાએ પ્રાકૃતિક કૃષિમાં પાક સંરક્ષણ પર માહિતી આપેલ હતી. ડૉ. ભરતભાઇ એન. ઠક્કરએ પ્રાકૃતિક કૃષિની જરુરિયાત પર માહિતી આપેલ હતી . અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોના પ્રશ્નો નુ નિરાકરણ કરેલ હતુ. પ્રગતિશીલ ખેડુત એવા કશ્યપ પટેલ, ફાર્મર મિત્ર , સાવલી, તા. વડોદરા જમીનની ફળદ્રુપતાનુ મહત્વ અને જમીનની હાલની ચિતાઓની માહિતી આપેલ હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. ટી આર. પટેલ દ્વારા કરવામાં આવ્યો.

સદરહુ તાલીમ કાર્યક્રમમા મહેમદાવાદ અને ખેડા તાલુકાના, જિ.ખેડાના સર્વે કૃષિ સખી અને કોમ્યુનિટી રીસોર્સ પર્શન તેમજ સર્વે સ્ટાફ દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત શપથ લેવામાં આવ્યા.




**દીપ પ્રાગટ્ય/ ઉદ્ઘાઘાટન સમારોહ આ.કૃ.યુ., સણસોલી**



**ડૉ. ડી. બી. પ્રજાપતિ સહ સંશોધન વૈજ્ઞાનિક અનેયુનિટ અધિકારી, આ.કૃ.યુ., સણસોલી**



**ડૉ. એમ. બી. ઝાલામદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, આ.કૃ.યુ., સણસોલી**



**સ્વચ્છતા અભિયાન શપથ**

| | | |
|---|---|---|
|  | |  |
| **ડૉ. ભરત ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી આ.કૃ.યુ., સણસોલી** | | **કશ્યપ પટેલ, પ્રગતિશીલ ફાર્મર, સાવલી, તા. વડોદરા** |